ગાંધીનગર સમાચાર
તા. ૧-૯-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

જાપાન યાત્રા અને વારાણસીનો જીર્ણોદ્ધાર

ઊગતા સૂરજના દેશ તરીકે ઓળખાતાં જાપાનમાં રાજધાની ટોકિયો કરતાં સાંસ્કૃતિક નગર ક્યોટોનો મહિમા સવાયો છે. ક્યોટો જાપાનનું કાશી છે. ટોકિયો વિશ્વનું સૌથી વધુ વસતી ધરાવતું મહાનગર છે. બીજા નંબરે ભારતની રાજધાની દિલ્હી આવે છે. પશ્ચિમની દુનિયાનાં મહાનગરો લંડન અને ન્યૂયોર્કને આ પૂર્વના દેશોનાં પાટનગરોએ પાછળ રાખી દીધાં છે. જાપાન ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠું થયું છે. હિરોશીમા અને નાગાસાકી ઉપર બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકાએ વિનાશક બોમ્બમારો કર્યો છતાં જાપાન આટલી ઝડપથી વિકાસનાં શિખરો સર કરી શક્યું એના મૂળમાં પ્રજાનું દૃઢ મનોબળ, સંકલ્પશક્તિ અને આધ્યાત્મિક ચેતના પડેલાં છે. નરેન્દ્ર મોદીને જ કેમ, પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીને પણ જાપાનનું ઘેલું લાગ્યું હતું. એ ગુજરાતને જાપાન બનાવવાનાં સપનાં સેવતા રહ્યા પરંતુ એમના હાઇકમાંડે એમને અધવચ્ચે જ રાજીનામું આપવાની ફરજ પાડી હતી, તેથી એ કામ હવે નરેન્દ્રભાઇની પ્રેરણાથી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ દ્વારા સંપન્ન થશે! જાપાન અને ગુજરાત વચ્ચે ગતિશીલતાના મુદ્દે જબરું સામ્ય છે. નરેન્દ્ર મોદીએ વારાણસીનો કાયાકલ્પ કરવાનું વચન આપ્યું હતું, એને જાપાનની સાંસ્કૃતિક નગરી ક્યોટોની પેટર્ન પર 'સ્માર્ટ કલ્ચરલ સિટી' બનાવી તેઓ આ વચન પુરૂં કરવા કૃતસંકલ્પ છે. જાપાન પાસેથી ભારતે ઘણું બધું શીખવા જેવું છે અને મોદી આ વાત બરાબર સમજ્યા છે. ભારતમાંથી બૌદ્ધ ધર્મની નિકાસ કરીને આપણી પ્રજાએ અજાણ્યાં જ જાપાન પર મોટો ઉપકાર કર્યો છે. જાપાનીશ લોકો બહુ માયાળું હોય છે. એ ઉપકારનો બદલો બાળવા હરહંમેશ તત્પર હોય છે. ભારત પ્રત્યે જાપાનને શરૂથી જ દેવભૂમિ જેવો અહોભાવ રહ્યા કર્યો છે. બિહારમાં અન્યત્ર જયાં જયાં બુદ્ધનાં પગલાં પડ્યાં છે ત્યાં જાપાન મન મૂકીને વરસ્યું છે. યોગાનુંયોગ મોદીના વતનના નગર વડનગરમાંથી બૌદ્ધકાલીન અવશેષો મોટા પ્રમાણમાં સાંપડ્યા છે. વારાણસી પછી વડોદરા અને વડનગરનો પ્રાસ બેસે, એવી પુરી શક્યતા છે. જાપાનના વડાપ્રધાને પ્રોટોકોલ અવગણી ભારતના વડાપ્રધાનનું બહુમાન કર્યું તો સામે ભારતીય વડાપ્રધાને જાપાનના મંદિરમાં પૂજા કરી. મત્સ્ય-કર્મકાંડમાં ભાગ લીધો. વિકાસપુરૂષ તરીકે વિશ્વવ્યાપી પ્રતિભા તરીકે સ્થાપિત થયા પછી નરેન્દ્ર મોદી પેલા કટ્ટર હિંદુત્વના જૂનવાણી ચીલે ચાલવાને બદલે સર્વસમાવેશી સાંસ્કૃતિક રાજમાર્ગ પર અગ્રેસર થવાનું પસંદ કરશે એવી શ્રદ્ધા અસ્થાને નહીં જ ગણાય.

એમ.બી. પટેલ વિદ્યાલય દ્વારા બેંક ઓફ બરોડાનાં સહયોગથી હિન્દી દિવસ ઉજવાઈ ગયો. પંદર દિવસ દરમિયાન બાળકોમાં હિન્દી ભાષા પ્રત્યે લગાવ વધે તે હેતુથી ધોરણ ૯ થી ૧૨નાં વિદ્યાર્થીઓ માટે કાર્ડ મેકીંગ કોમ્પીટીશન, વકતૃત્વ સ્પર્ધા અને હિન્દી ગીતોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે બ્રહ્માણી કૃપા હોલમાં યોજાયેલ સમાપન કાર્યક્રમમાં બેંક ઓફ બરોડાનાં અધિકારીઓ ચોપડાજી, ચાવડાજી, લખમાનીજી ઉપસ્થિત રહ્યા હતા. સર્વે મહાનુભાવોએ હિન્દીમાં પ્રવચન આપવાને બદલે ગીતો ગાઈ બાળકોને ખુશ કરી દીધા હતા. આ પ્રસંગે ઈન્ડોનશિયાનાં જોર્ડને 'કુછ કુછ હોતા હૈ' ગીત ગાઈ ભારોભાર પ્રશંસા મેળવી હતી. હિન્દી ગીતોની મહેફીલમાં બેંક અધિકારીઓ, શાળા પરિવાર અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને ડ્રમ વગાડી પોતાની કલાનો વિદ્યાર્થીઓને પરિચય આપ્યો હતો. આ સ્પર્ધાનાં નિર્ણાયકો તરીકે સ્વાતી લખવાની, મધુ ચોપરા, રીતુ ચાવલાએ સેવાઓ આપી હતી જેઓ બેંક ઓફ બરોડાનાં અધિકારીઓનાં ધર્મપત્નિઓ પણ છે. 'તુમ્હી મેરે મંદિર, તુમ્હી મેરી પૂજા, તુમ્હી દેવતા હો...' ગીત સાથે શરૂઆત કરી આખાય સંગીતમય કાર્યક્રમનું રસવાહી સંચાલન ડૉ. વર્ષાબેન પારેખે કર્યું હતું. બાળકો દ્વારા ગીતોની આ સ્પર્ધામાં સંગીત આપનાર શાળાનાં વિદ્યાર્થીઓ નિવિધ દેસાઈ, જીગર, હાર્દિ, રાજન અને પરવિંદરે ચાર ચાંદ લગાવી દીધા હતા. કાર્યક્રમને અંતે ધોરણ-૧૦-અનાં રાજ ગ્રુપ પ્રથમ, ધોરણ-૧૧-બીનાં દીના ગ્રુપ દ્વિતિય, ધોરણ-૯-અનાં નરેન ગ્રૂપ તૃતીય સ્થાને વિજેતા થયા હતા જયારે સોલો પરફોર્મન્સમાં ૧૧-બનાં ધ્વની વાથા પ્રથમ, ૯-ખનાં યાત્વી પ્રેમલ દ્વિતીય, ૯-કનાં રોશની દ્વિતીય સ્થાને વિજેતા જાહેર થયા હતા. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નિવિધ દેસાઈ, દ્વિતીય સ્થાને હાર્દી મંકોડી, તૃતીય સ્થાને ગ્રીવા રાવલ વિજેતા થયા હતા અને શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં હસ્તી પટેલ, ખુશાલી વ્યાસ, નિશા શર્મા વિજેતા થયા હતા. સર્વે વિજેતાઓને સારા પુસ્તકો ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે બેંક ઓફ બરોડા દ્વારા વિદ્યાર્થીઓને ઈ-બેંકીંગની સેવા વિશે બેંક ઓફ બરોડા ખાતે સમજાવવામાં આવે છે. બે દિવસીય આ તાલીમથી બેંક વિશેની કામગીરી વિશે વિશેષ માહિતી પ્રાપ્ત થઈ શકે. (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં તરખાટ મચાવનાર રીઢો ચેઈન સ્નેચર એલસીબીના સકંજામાં

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં થોડા સમયથી ચેઈન સ્નેચર્સ ટોળકીએ કરેલા પગ પેસારા બાદ ચેઈન સ્નેચીંગના ખુબ જ બનેલા બનાવોથી પ્રજા ઉપરાંત પોલીસના નાકે પણ દમ આવી ગયો હતો. ગાંધીનગરમાં તરખાટ મચાવી મુકનાર અમદાવાદ કુબેરનગર વિસ્તારના એક રીઢા ચેઈનસ્નેચર શખ્સને ગાંધીનગર એલસીબીએ ઝબ્બે કરી લીધો છે. ગાંધીનગરમાં તેણે તેના મિત્રો સાથે મળીને અલગ-અલગ સ્થળે આઠ ચેઈન સ્નેચીંગના ગુના આચર્યા હોવાની કબુલાત કરતા તેની ધરપકડ કરી ઊંડી પુછપરછ માટે સે. ૨૧ પોલીસને સોંપવામાં આવ્યો છે.

ચેઈન સ્નેચીંગના ગુનાઓ શહેરમાં વધતા આ ગુનાના સ્થળે તથા ગુનો કરતા વ્યક્તિઓવિશેખાસ બાતમી મેળવવા અને જરૂરી વોચ તથા પેટ્રોલીંગ ગોઠવીને ગુનેગારોને પકડવા ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલે ગાંધીનગર એલસીબીને સુચના આપી હતી. એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમના પીએસઆઈ આર.એન.વાઘેલા એએસઆઈ અંબાલાલ, હજારીસિંહ, હે.કો. સુરેશભાઈ, કાંતિભાઈ, રાજેન્દ્રસિંહ, પો.કો. ભવાનસિંહ તથા હરિભાઈ સહીતના માણસોએ ભુતકાળમાં ચેઈન સ્નેચીંગ તથા ઘરફોડ ચોરીમાં પકડાયેલા મુળ મહેસાણા જિલ્લાના બેચરાજી વિસ્તારના અને હાલ અમદાવાદ કુબેરનગર વિસ્તારના જી-વોર્ડ ઝુપટપટ્ટી, ઠાકોર વાસમાં રહેતા રીઢા શખ્સ છનાજી ઊર્ફે સાનીયો ભુપતજી ઠાકોરને પુછપરછ કરતાં ગાંધીનગરના અલગ-અલગ વિસ્તારોમાં તેના મિત્રો સાથે મળીને આઠ જેટલા ચેઈન સ્નેચિંગના ગુના આચર્યા હોવાની કબુલાત કરી છે. અઠવાડીયા પહેલા જ સે. ૨૭ની સોસાયટીમાંથી એક મહિલાનો દોરો પણ તોડ્યો હતો. તે ઉપરાંત અમદાવાદ કુબેરનગરથી એક મોપેડ ચોરીની પણ કબુલાત તેણે કરી છે. અગાઉ સે. ૭, અડાલજ, ઓઢવ, નરોડા, સરદારનગર, સાબરમતી, બાપુનગર અને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાંચેઈન સ્નેચીંગ વાહનચોરી, ઘરફોડના ૧૪ ગુનાઓમાં પણ તેની સંડોવણી બહાર આવી હોવાનું ખુલ્યું છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાની દસ જેટલી શાળામાં દુંદાળા દેવની મૂર્તિ અર્પણ કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થી નિમિત્તે ગજાનન સંસ્થાએ મૂર્તિ ઉપરાંત અલગ-અલગ શાળામાં ૨૦૦ થી વધુ રોપા અને કપડાનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં દાના ઠાકોર, લાલજી વણઝારા, અરવિંદ, દિનેશભાઈ, મિલીન્દભાઈ જોડાયા હતા.

હરિની દૃષ્ટિ...

ડોક્ટર સાહેબ છેલ્લા બે મહિનાથી મિત્રો સાથે, મહાદેવ - મહાદેવ, જેશી કૃષ્ણ કર્યું પછી, ઇદ-મુબારક, નવરોજ મુબારક, મિચ્છામી દુક્કડં, હવે જય અંબે અને સાથો સાથ ગણપતિ બાપ્પા એવું બોલું છું... તો પ્રોબ્લેમ એ છે કે હું પહેલા કોણ હતો તે, બીલકુલ યાદ નથી...!!

ગણેશોત્સવ નિમિત્તે આજના કાર્યક્રમો

- સે-૨૨ના રંગમંચ ખાતે આયોજિત સાર્વજનિક ગણશોત્સવમાં બપોરે ૧.૩૦ વાગે જયોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હળદી કંકુ યોજાશે. આ સમયે ભજન, આરતી સુશોભન અને શ્રીફળ સુશોભનની સ્પર્ધા પણ યોજાશે. રાત્રે ૮.૩૦ વાગે અહીં જીતુભાઈ દ્વારકાવાળાનો હાસ્ય દરબાર યોજાશે.
- સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે આયોજિત ગણેશોત્સવમાં રાત્રે ૮.૩૦ વાગે ડાન્સ કોમ્પીટીશન યોજાશે.
- સે-૩-ડી ખાતે આયોજિત ગણેશ મહોત્સવમાં રાત્રે ૮.૩૦ વાગે ડાયરો યોજાશે જેમાં લોક સાહિત્યકાર સુખદેવ દાન ગઢવી, લોક ગાયિકા ઈન્દિરાબેન શ્રીમાળી તેમજ ભજનીક લોક ગાયક અવિનાશ બારોટ શ્રોતાઓને ડોલાવશે.
- સે-૨-સીમાં આયોજિત ગણેશોત્સવમાં રાત્રે ૯ વાગે લોક ડાયરો યોજાશે જેમાં સંગીતકાર એ.આર. રહેમાનના શિષ્ય આદિત્ય ગઢવી એન્ડ ગ્રૂપ દ્વારા કાર્યક્રમ રજૂ કરાશે.
- સે-૩-એ ખાતે સિધ્ધી વિનાયક મિત્ર મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં રાત્રે ૮ વાગે મ્યુઝીકલ ઓર્કેસ્ટ્રાનો કાર્યક્રમ યોજાશે.
- સે-૨૪માં આયોજિત સાર્વજનિક ગણેશ ઉત્સવમાં બપોરે ૩ વાગે ભાવનાબેન ગોકલાણીનો આનંદનો ગરબો યોજાશે આ ઉપરાંત અહીં રાત્રે ૮.૩૦ વાગે ભવાઈનો કાર્યક્રમ યોજાશે.

જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં પાકિસ્તાન દ્વારા ભારતને કયો દરજ્જો અપાયો છે?
➜ **મોસ્ટ ફેવર્ડ નેશન**

૨. ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયાના લેબર પાર્ટીના કેવિન રૂડને પરાજય આપી ટોની એબોર્ટ ઓસ્ટ્રલિયાના વડાપ્રધાન બન્યા છે તે કયાં પક્ષમાંથી ચુંટાયા હતા?
➜ **લિબરલ નેશનલ ચુટી**

૩. વર્ષ ૨૦૧૩માં ન્યુઝીલેન્ડમાં ગીત ગાનારા પક્ષીઓની કઈ પ્રજાતિ મળી આવી છે?
➜ **મોહોઉડાએ**

૪. ૨૦૧૩માં વિકટોરીયા એન્ઝરેન્કાને હરાવી કારકિર્દીનું ૧૭મું ગ્રાન્ડ સ્લેમ જીતનાર કઈ ખેલાડી યુ.એસ.ઓપનમાં ચેમ્પિયન બની હતી?
➜ **સેરેના વિલિયમ્સ**

૫. ૨૦૧૩માં **IAAF** વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ કયાં યોજાઈ હતી?
➜ **મોસડ**

૬. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં આઠ ગોલ્ડ મેડલ મેળવનાર ઉસૈન બોલ્ટ કયા દેશનો વતની છે?
➜ **જમૈકા (વેસ્ટ ઇન્ડિઝ)**

૭. ૨૦૧૩નાં સ્વતંત્રતા દિન નિમિત્તે અમેરિકામાં યોજાયેલ ભારતીયોની પરેડમાં કઈ ભારતીય અભિનેત્રીએ ભાગ લીધો હતો?
➜ **વિદ્યા બાલન**

૮. હાલ દુનિયાની સૌથી મોટી મુવી સ્ક્રીન કઈ છે અને કયા દેશમાં આવેલી છે?
➜ **સિડની આઇમેક્સ (જાપાન)**

૯. મિસ વર્લ્ડ ૨૦૧૩ સ્પર્ધા કયાં યોજાઈ હતી?
➜ **ઇન્ડોનેશિયા**

૧૦. મિસ વર્લ્ડ ૨૦૧૩ સ્પર્ધા ઈન્ડોનેશિયાના કયા સ્થળે યોજાઈ હતી?
➜ **બાલી ટાપુ**

૧૧. મિસ વર્લ્ડ ૨૦૧૩ સ્પર્ધામાં બીજો ક્રમ કઈ યુવતીએ પ્રાપ્ત કર્યો હતો?
➜ **મરિન લોર્ફલિન (ફ્રાન્સ)**

૧૨. મિસ વર્લ્ડ ૨૦૧૩ સ્પર્ધામાં ત્રીજો ક્રમ કઈ યુવતીએ પ્રાપ્ત કર્યો હતો?
➜ **કેરાનઝારના ઓકર્લે (ઘાના)**

૧૩. ૨૦૧૩માં ભારત અને જાપાન વચ્ચે કયા ટાપુ મુદ્દે ભારે વિવાદ સર્જાયો છે?
➜ **સેનકાકસ**

૧૪. ૨૦૧૩માં કયા દેશમાં રિપબ્લિકન દ્વારા બજેટ રોકવામાં આવતા શટડાઉનની સ્થિતિ ઊભી થઈ હતી?
➜ **અમેરીકા**

૧૫. ૨૦૧૩માં યુરોપિયન યુનિયનનો વાર્ષિક માનવ અધિકાર એવોર્ડ કોને અપાયો હતો?
➜ **મલાલા યુસુફઝઇ**

૧૬. ૨૦૧૩માં નાસા એ ગુરૂ ગ્રહ પર જવા કયું યાન બનાવ્યું હતું?
➜ **જૂનો મિશન**

૧૭. ૨૦૧૩માં સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક કઈ લેખિકાને મળ્યું હતું?
➜ **એલિસ મુનેરો**

૧૮. ૨૦૧૩માં સાહિત્યનું નોબેલ પારિતોષિક મેળવનાર લેખિકા એલિસ મુનેરો કયા દેશની છે?
➜ **કેનેડા**

૧૯. ૨૦૧૩નો શાંતિનો નોબેલ પુરસ્કાર કઈ સંસ્થાને આપવામાં આવ્યો હતો?
➜ **OPCW (ઓર્ગેનાઇઝેશન ફોર પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ)**

૨૦. ૨૦૧૩માં આંદામાન નિકોબારની સાયકલિસ્ટ ડેબોરા એ ટ્રેક એશિયા કપ-૧૩માં કયો ચંદ્રક જીત્યો હતો?
➜ **સુવર્ણચંદ્રક**

વિદ્યાર્થીને જ્ઞાન અને કૌશલ્યમાં નિપુણ બનાવી તેની આંતરિક શક્તિઓ ખીલવવાનું કાર્ય શિક્ષકનું છે

વિચારસભા
ગુરૂઃગોવિંદથી પણ અધિક...
નેહલ જયદીપ ગઢવી

બ્રહ્માનન્દં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તમત્વમસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતમ્
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરૂં તં નમામિ ॥

આજના આ યુગમાં શિક્ષણનું વ્યાપારીકરણ થયું છે. શિક્ષણ વધુ Professional બન્યું છે. 'ગુરૂ દેવો ભવઃ' ની ભાવના જાણે વિસરાઇ ગઇ હોય તેવું વર્તાય છે. પરંતુ, આ તમામ બાબતોના મૂળમાં કદાચ આપણા સૌની પલાયનવૃત્તિ હોય તેમ જણાય છે. બાળકના સૌ પ્રથમ અને આજીવન શિક્ષક તેના માતા-પિતા છે. પરંતુ, સમયના અભાવે તેમ જ જવાબદારીઓના વહનને કારણે તેઓ આ જવાબદારી શિક્ષકોને સોંપે છે. ત્યારે તેઓ શિક્ષકો ઉપર ખૂબ મોટી અને અગત્યની જવાબદારી સોંપી રહ્યાનો અહેસાસ બંને પક્ષે હોવો અત્યંત જરૂરી છે. ત્યાર બાદ શિક્ષકે પણ પોતાની તમામ શક્તિ વિદ્યાર્થીના માનસિક વિકાસના કાર્યમાં લગાડવી આવશ્યક છે. આ સૃષ્ટિમાં અવતરવું દરેક બાળક ઇશ્વરની અમૂલ્ય ભેટ સમાન છે. હવે મા-બાપ બાળકમાં રહેલી આ વિશિષ્ટતાને પારખીને તે દિશામાં તેને નિપુણ બનાવવાની જવાબદારી શિક્ષકને શિરે નાખે છે. ત્યારે શિક્ષકે એ બાબત ખાસ ધ્યાનમાં રાખવી ઘટે કે તેમણે છે આપણી સંવેદનશીલતાનો વિકાસ થાય તેવી એક પણ બાબત સાંપ્રત સમયનાં શિક્ષણમાં અનુભવાતી નથી. આપણું શિક્ષણ આપણને સ્વકેન્દ્રી બનાવે છે, અન્યની કાળજી લેવા માટે જાગૃતિ લાવવા અંગે તે તદ્દન અજાણ રહે છે. બીજાંને પણ મારી જેવા સુખ-દુઃખ છે, ઇચ્છા-ઝંખના છે. એ દૃષ્ટિ કે એ બાબતનો ખ્યાલ પણ વિદ્યાર્થીને હોતો નથી. અરે, પોતાનાથી કોઇ વધુ સારું પરિણામ મેળવે ત્યારે તેના આનંદમાં તે સહભાગી પણ થઇ શકતો નથી. એક તંદુરસ્ત પ્રતિ સ્પર્ધા માટે તૈયાર રહેવું જરૂરી છે પણ અહીં વાત છે સ્વાર્થવૃત્તિ તેમજ ઇર્ષ્યાભાવની. અને ત્રીજી બાબત છે વિચારશીલતાનું પતન. આજનું શિક્ષણ બાળકને ગોખણવૃત્તિ તરફ લઇ જાય છે. તેની મૌલિક વિચારશક્તિ વિકસે તે માટે કોઇ જ પ્રયત્નો થતા નથી. પરિણામે, તેનામાં આંતરસૂઝ કે Six Sense નો સદંતર અભાવ જોવા મળે છે. તે જીવનની અઘરી પરીક્ષા સામે ટક્કર ઝીલી શકતો નથી. અભ્યાસક્રમ તેમજ પાઠ્યપુસ્તક સુધી તેનું શિક્ષણ સીમિત બની રહે છે. મનસુખ લુલ્લા લખે છે કે,

"આજે વાલીઓએ બાળપણથી સંતાનોની કાળજી લેવી જોઇશે અને નીતિ નિર્ણાયકો પાસે પોતાની વાજબી અપેક્ષાઓ રજુ કરવી પડશે. હવે વિદ્યાર્થીશિક્ષણ જેટલી જ જરૂર વાલીઓની સમજ અને સંગઠનના વિકાસની હશે."

યોગ્ય કેળવણીનું એક અત્યંત મહત્ત્વનું અંગ છે. સત્યનું અનુસરણ. બાળક તમે કહો તે પ્રમાણે નહિ પણ વર્તો તે પ્રમાણે તમને અનુસરે છે. એમાં બાળકમાં રહેલી છૂપી આવડતને બહાર લાવી તેનું યોગ્ય ઘડતર કરવાનું છે, જે સંપૂર્ણ સહાનુભૂતિ વિના લગભગ અશક્ય છે. શક્ય હોય તો બાળકને કંઇક વધારે સારું આપો, પણ તેની પાસે જે છે તેનો નાશ કરશો નહીં. સ્વામી વિવેકાનંદ લખે છે કે, "ક્ષણ માત્રમાં જાણે કે પોતાની જાતનું અનેક વ્યક્તિઓમાં રૂપાંતર કરી શકે એ જ સાચો ગુરૂ. ખરો ગુરૂ તો એ છે, જે શિષ્યની કક્ષાએ આવી શકે અને જે શિષ્યના આત્મામાં પ્રવેશ કરી, શિષ્યના ચિત્ત દ્વારા જોઇ શકે અને સમજી શકે છે. આવો જ ગુરૂ હકીકતમાં સાચું જ્ઞાન આપી શકે બીજો નહીં."

આજે શિક્ષણ અંગે લોકોમાં રોષ તેમજ વ્યાપક નિરાશા જોવા મળે છે. આ નિરાશાનું કારણ છે વાલીઓની વધુ પડતી અપેક્ષા. સૌ કોઇ પોતાના બાળકને કેટલું 'પેકેજ' મળશે તેની રેસમાં સામેલ થવાની તૈયારી કરવું જોવા મળે છે. આ ડિગ્રી મેળવવાથી બાળખના મૂળભૂત વિકાસ કે વ્યક્તિત્વ ઘડતરમાં શું ફેરફાર આવ્યો તે જોવાની કોઇને પરવા પણ નથી અને ફુરસદ પણ નથી! આપણી શિક્ષણ પદ્ધતિને ગહન ચિંતન દ્વારા ચકાસીએ તો તેમાં ત્રણ બાબતોની ત્રુટી હોવાનું જણાય છે. એક તો પરિશ્રમનું ગૌરવ હવે કોઇ કરતું નથી. ટ્યુશન ક્લાસીસ કે રેફરન્સ બુક્સમાંથી તૈયાર જવાબો જાણી લેવાની સૌને ઉતાવળ રહે છે. પરિશ્રમને સ્થાને ચબરાકી એટલે કે Smartnessને વધુ મહત્ત્વ અપાય છે. કોઇ પણ વિષયના ઊંડાણમાં જવાને બદલે તેમાંથી ખપ પૂરતું યાદ રાખવાની ટેકનિકને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. બીજી બાબત શિક્ષણનું સ્થાન કેન્દ્રવર્તી છે. કારણ કે બાળક પોતાના દિવસનો મહત્તમ સમય શિક્ષણ સાથે જ હોય છે. શિક્ષકે પોતાના વિષયમાં નિષ્ણાંત હોવું તેમજ વિષયને લગતી તમામ બાબતોનું આધુનિક જ્ઞાન પણ હોવું અત્યંત જરૂરી છે. વિદ્યાર્થી શિક્ષકને પોતાના જ્ઞાનકોષ સમાન ગણે છે. વિદ્યાર્થીને પોતાના તમામ કૌતુકની સંતુષ્ટિ એક શિક્ષક પાસેથી થતી જણાય છે ત્યારે તેના મનમાં શિક્ષક માટે પૂજ્યભાવ જન્મે છે તથા પ્રેમભાવ પણ વધે છે. જેના પરિણામે વિદ્યાર્થી શિક્ષકને પોતાના સૌથી વધુ નિકટતમ વ્યક્તિ માનવા લાગે છે. માટે જ, સર્વપલ્લી રાધાકૃષ્ણ લખે છે કે,

"શિક્ષકના હાથે બગડતી વર્તમાનની એક ક્ષણ પણ ભવિષ્યની ઇમારતનો પાયો હચમચાવી નાખે છે." વિદ્યાર્થીને જ્ઞાન અને કૌશલ્યમાં નિપુણ બનાવી તેની આંતરિક શક્તિઓ ખીલવવાનું કાર્ય શિક્ષકનું છે. એક શિક્ષક જ તેનું ચારિત્ર્ય ઘડતર કરી જીવનમાં ઉપયોગી મૂલ્યોનું બીજ બાળકના બાળમાનસમાં રોપે છે. તે બાળકની સર્જનાત્મક અને પરિવર્તનાત્મક વૃત્તિઓને વિકસાવી તેના આત્મવિશ્વાસને સુદૃઢ બનાવે છે કે જેથી ભવિષ્યમાં તે સંઘર્ષનો સામનો કરી શકે. ડો. એ.પી.જે. અબ્દુલ કલામ લખે છે કે,

"શિક્ષકે વિદ્યાર્થીઓને જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા શીખવવી જોઇએ અને આજીવન સ્વાયત્ત શિક્ષણ પામવા શક્તિમંત બનાવીને સ્વઅધ્યયન દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરવાના લક્ષણનો મહાવરો સતત કરવા રહેવાનું શીખવવું જોઇએ." બૂકર વોશિંગ્ટન નામે અમેરિકામાં એક મહાન કેળવણીકાર થઇ ગયો. તે આજથી ૧૫૦ વરસ પહેલાં અમેરિકામાં ગુલામ તરીકે જન્મ્યો હતો. જયારે તે નવ વરસનો હતો ત્યારે અમેરિકાની સરકારે ગુલામોને સ્વતંત્ર કર્યા, તેથી બૂકરે શાળાએ જવા માંડ્યું અને બાકીના સમયમાં મજૂરી કરવા માંડી. ૧૭ વર્ષનો થયો ત્યારે તે અશ્વેતો માટેની શાળામાં દાખલ થયો. તેમની શાળાનો મુખ્ય હેતુ એ હતો કે બાળકોને સ્વાશ્રયી બનાવવા અને સ્વચ્છ રહેવાનું શીખવવું તથા નોકરી માટે તૈયાર કરવા. એ જ શાળામાં અભ્યાસ કરીને બૂકર શિક્ષણ બન્યા તેમજ શાળાના પ્રથમ પ્રિન્સિપાલ પણ બન્યા. આગળ જતાં તેઓ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ તથા બીજા મહાન માણસોના સલાહકાર પણ બન્યા. સને ૧૯૧૫માં ૫૯ વર્ષની ઉમરે તેઓ શ્રમ અને થાકને કારણે મરમ પામ્યા. પરંતુ, જીવ્યા ત્યાં સુધી કેળવણી મારફતે વ્યક્તિ-વિકાસ કરવા માટે તેઓ ઝઝૂમતા રહ્યા. માટે જ ગુરૂ-શિક્ષકનું મહત્ત્વ ઇશ્વરથી પણ અધિક માનવામાં આવે છે.

ગુરૂ ગોવિંદ દોનોં ખડે કા કો લાગુ પાય?
બલિહારી ગુરૂદેવ કી ગોવિંદ દિયો મિલાય ॥

વધુ આવતા અંકે...